# ભૂકંપ વૈજ્ઞાનિક (સિસ્મોલોજિસ્ટ)

સિસ્મોલોજિસ્ટ્સ (ભૂકંપ વૈજ્ઞાનિક) એવા વૈજ્ઞાનિકો છે, જેઓ ભૂ-ભૌતિકશાસ્ત્રમાં નિપૂણતા ધરાવે છે, જેઓ ધરતીકંપ સાથે સંકળાયેલ પૃથ્વીની અચાનક, હિંસક હિલચાલનો અભ્યાસ કરે છે. સિસ્મોલોજિસ્ટ્સ ભૂગર્ભીય સામગ્રીઓનો અભ્યાસ કરે છે જે એક પ્રયોગશાળાના નમૂનાથી લઈને સમગ્ર સંપૂર્ણ પૃથ્વી સુધી, તેની સપાટીથી તેના મૂળ સુધી હોઈ શકે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વિજ્ઞાન અને ગણિતનો આનંદ માણો છો
- તમને પ્રયોગો કરવા ગમે છે
- તમે કમ્પ્યુટર પર સારી રીતે કામ કરી શકો છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૭,૬૧૦ થી ૨,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન)

૨. જીઓફિઝિક્સ, ભૂસ્તરશાસ્ત્ર અથવા કોઈપણ સંબંધિત વિષયમાં સ્નાતક (બી.એસ.સી.)ની ડિગ્રી મેળવો. અથવા

૩. સ્નાતક (B.Sc.)ની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતક (M.Sc.)ની ડિગ્રી મેળવો. અથવા

સ્નાતક અને અનુસ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, ભૂગોળ/ભૂસ્તરશાસ્ત્રમાં પી.એચ.ડી. કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ભૂકંપ વૈજ્ઞાનિકનું અંદાજીત માસિક વેતન **રૂ. ૮૬,૬૦૦ થી ૧,૫૦,૬૬૭*** જેટલું હોય છે.

સ્ત્રોત: https://www.salaryexpert.com/salary/job/seismologist/india/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સંશોધન સંસ્થાઓ, પેટ્રોલિયમ ઉદ્યોગ, જીઓથર્મલ પાવર ઉદ્યોગ, પરમાણુ સંશોધન કેન્દ્રો વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમારે ઓછામાં ઓછા ૮ થી ૯ કલાક અને અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ કામ કરવું પડશે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોઈ શકે છે. ઓવરટાઈમ એ સામાન્ય બાબત છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ઈન્ટર્ન → સિસ્મોલોજી રિસર્ચ /સિસ્મોલોજીસ્ટ → સિનિયર સિસ્મોલોજીસ્ટ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

અર્થ સાયન્ટિસ્ટ, સિસ્મોલોજીસ્ટ, અર્થક્વેક સાયન્ટિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ જીઓફિઝિક્સ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. એમ.એસ.યુ., વડોદરા
૨. ગવર્મેન્ટ આર્ટસ કોલેજ, ઉટી
૩. ગવર્મેન્ટ આર્ટ્સ કોલેજ, કોઈમ્બતુર
૪. જી.આઈ.ડી.એમ., ગાંધીનગર
૫. ગવર્મેન્ટ ડિગ્રી કોલેજ, લેન્સડાઉન, ઉત્તરાખંડ
૬. ગવર્મેન્ટ ગાંધી મેમોરિયલ સાયન્સ કોલેજ, જમ્મુ
૭. પછુંગા યુનિવર્સિટી કોલેજ, મિઝોરમ
૮. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે શું સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. પારુલ ઈન્સ્ટિટ્યુટ ઓફ એપ્લાઈડ સાયન્સ, વડોદરા
૨. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૩. એ.વી.એસ. કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, તામિલનાડુ
૪. જેમ્સ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, રામાપુરમ
૫. કે.જે. સોમૈયા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, મુંબઈ
૬. મહાદેવ પીજી કોલેજ, વારાણસી
૭. બી.એફ.આઈ.ટી. ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યુશન્સ, દેહરાદૂન
૮. પી.ડી.ઈ.યુ., ગાંધીનગર

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**કુસલા રાજેન્દ્રન** ભારતીય સિસ્મોલોજીસ્ટ છે અને હાલમાં સેન્ટર ફોર અર્થ સાયન્સ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ, બેંગલુરૂ, ભારતમાં પ્રોફેસર છે. તેણીએ મુખ્યત્વે ધરતીકંપો અને તેના સ્રોત તંત્રો પર કામગીરી કરી છે. તેણીએ વર્ષ ૧૯૭૯માં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી, રૂરકીમાંથી એપ્લાઈડ જીઓફિઝિક્સના ક્ષેત્રમાં માસ્ટર ઓફ ટેક્નોલોજી પૂર્ણ કર્યું. ત્યારબાદ તેમણે વર્ષ ૧૯૯૨માં યુ.એસ.એ.ની સાઉથ કેરોલિના યુનિવર્સિટીમાંથી સિસ્મોલોજીમાં ડોક્ટર ઓફ ફિલોસોફી સાથે સ્નાતકની પદવી હાંસલ કરી. વર્ષ ૨૦૧૮માં, તેણીએ 'ઓશન સાયન્સ એન્ડ ટેક્નોલોજી' અને 'એટમોસ્ફેરિક સાયન્સ ટેક્નોલોજી' માટે મહિલા વૈજ્ઞાનિક માટેનો પ્રથમ રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત કર્યો.*

સ્રોત:https://www.practo.com/chennai/doctor/dr-p-sampath-kumar-toxicologist

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.